# ભક્ત ને ભગવાન બનવા મારગ છે સારો

ભક્ત ને ભગવાન બનવા મારગ છે સારો,

ભક્તિના પંથે જઈને મોક્ષને વરો

જે રીતે મેં સહન કર્યઉ  તેમ તું પણ કરી લે,

આજ ને આજે ભલે તું સ્થાન મારું લે

સાધના કરવી નથી બસ વાતો કરવી છે,

સાધનો માં ઝીંદગી બરબાદ કરવી છે;

ધર્મ જે હોઠે વસ્યો તે, હૈયે લાવી દે,

આજ ને આજે ભલે તું સ્થાન મારું લે...

પ્રીત આ સંસારની જો તું નહિ તોડે,

ક્રૂર આ કર્મો પછી ક્યાંથી તને છોડે

રક્તના હર બુંદમાં મુજને વસાવી લે,

આજ ને આજે ભલે તું સ્થાન  મારું લે

ભોગ સુખમાં લીન તું મુજને સ્મરે ક્યારે,

માર પડતા કર્મોની મુજને તું સંભારે

સુખ ભર્યા સંસારથી પણ જો તું કંટાળે,

આજ ને આજે ભલે તું સ્થાન મારું લે...

જડ જગત ખાતર તું જો જીવો ને તરછોડે,

સ્થાન મારું પામવા તો વ્યર્થ તું દૌડે;

દુખી જીવો ને જોઇને અંતર માં તું  રડે,

આ j ને આજે ભલે તું સ્થાન  મારું લે...

સ્વપ્ના માં પણ પાપથી જો તું નહિ ધ્રુજે,

ધર્મની વાતો પછી ક્યાંથી તને સુજે?

ના મને માને ભલે પણ મારું જો માને,

આજને આજે ભલે તું સ્થાન મારું લે...

દોહીલો માનવ જનમ ક્યારે ફરી મળશે,

મોક્ષને વૈરાગ્યની ક્યાં વાતઃ સાંભળશે;

ઝીંદગીની હર ઘડીમાં હીર લાવી દે,

આજને આજે ભલે તું સ્થાન મારું લે

ભક્ત ને ભગવાન બનવા મારગ છે સારો,

ભક્તિના પંથે જઈને મોક્ષને વરો

જે રીતે મેં સહન કર્યઉ તેમ તું પણ કરી લે,

આજ ને આજે ભલે તું સ્થાન મારું લે